# શાળા-કોલેજોમાં પ્રથમ દિવસ

શાળા-કોલેજોમાં વેકેશન પૂર્ણતાના આરે છે. આજ-કાલમાં શાળા-કોલેજોમાં નવું સત્ર શરૂ થશે. કેટલાક વિદ્યાર્થીઓ નવી સંસ્થામાં પ્રવેશ મેળવશે તો કેટલાક વિદ્યાર્થીઓ જે તે સંસ્થામાં જ પણ નવા વર્ગમાં દાખલ થશે. આ સમયે વિદ્યાર્થીઓની માનસિક પરિસ્થિતિને મનોવૈજ્ઞાનિક રીતે જોવી જોઇએ. કેટકેટલા માન-પાન અને અરમાન સાથે આ વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં દાખલ થાય છે. નવી આશાઓ, નવી ઇંતેજારી, નવા કૌતુક, નવી હરીફાઇ, નવા લક્ષ્ય વગેરેને લઇને આવતા આ યુવાનો કે નાના બાળકોને સમજવાની જરૂર છે. ત્યારે શાળા-કોલેજોએ પ્રથમ દિવસે જ શું કરવું જોઇએ કે જેથી આ વિદ્યાર્થીઓમાં સફળતાને પહોંચવા માટેની શ્રદ્ધામાં વધારો થાય. શાળા-કોલેજોમાં પ્રથમ દિવસ કેવો હોવો જોઇએ.? શું કરું જોઇએ અને કરાવવું જોઇએ?

શાળા-કોલેજોમાં પ્રથમ દિવસે પાઠ્યક્રમ શીખવવાની શરૂઆત ન જ કરવી જોઇએ. જો કે ઘણી સંસ્થાઓ આ બાબતનું ધ્યાન રાખે જ છે. આવી મોટાભાગની સંસ્થાઓ વિદ્યાર્થીઓને સમયપત્રક લખાવીને છોડી મૂકે છે અને બીજા દિવસથી ભણાવવાનું ચાલુ. અરે ભાઇ ભણાવવા માટે તો હજું આખું વર્ષ છે. પ્રથમ દિવસે જ ભણાવવાની શરૂઆત કરીને પોતાની જાતને મહાન સાબિત કરવાના પ્રયત્ના મોહથી દૂર રહેવું જોઇએ.બસ આટલું જ કરવાનું? આ સિવાય ઘણું ઘણું થઇ શકે. કે જેથી દિવસના અંતે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પૂરા સંતોષ સાથે મજા આવી ગઇ હોય.

શાળા-કોલેજના પ્રથમ દિવસનું મહત્ત્વ કેવી રીતે ઊભું કરી શકાય અને આંકી શકાય? આ પપ્રથમ દિવસને કેવી રીતે જોવો જોઇએ? શાળા કોલેજોનો પ્રથમ દિવસ એટલે વિદ્યાર્થીઓમાં સંસ્થા માટે શ્રદ્ધા બેસાડવાનો દિવસ, સંસ્થા સાથે લગાવ-આત્મીયતા ઊભી કરવાનો દિવસ, સંસ્થામાંથી પોતાને સંતોષ મળશે પોતાનું લક્ષ્ય સિદ્ધ થશે તેવી આશા જન્માવવાનો દિવસ, સંસ્થા માટે માન-પાન સાથેનુ અભિમાન પેદા કરવાનો દિવસ

શાળા-કોલેજમાં સૌ પ્રથમવાર આવતા વિદ્યાર્થીઓને પ્રથમ દિવસે સ્નેહપૂર્ણ સત્કારવા જોઇએ. સત્કાર કેવી રીતે કરવો તે અગત્યનું નથી, પણ સત્કારની વિધિ દ્વારા નવા વિદ્યાર્થીઓમાં એક સંદેશ જવો જોઈએ કે આ સંસ્થામાં તેમનું પણ એક આગવું સ્થાન છે. તેમનો પણ એક મોભો છે. આ સંસ્થાએ તેઓને તેમની સાથે ભેળવવાનો હ્રદય પૂર્વક પ્રયત્ન કર્યો છે તેની અનુભૂતિ થવી જોઈએ.જે વાસ્તવિકતાના પાયા પર હોવી જોઈએ.આ માટે શાળાના સિનિયર વિદ્યાર્થીઓનો વધુમાં વધુ સહકાર લેવો જોઈએ. આમ કરતાં નવા અને જૂના વિદ્યાર્થીઓ પ્રથમ દિવસથી જ એકબીજાની નજીક આવશે.

નવા આવનાર વિદ્યાર્થીઓથી સંસ્થાનું માનવ સંશાધન પરિચિત નથી કે સંસ્થાના માનવ સંશાધનથી વિદ્યાર્થીઓ પરિચિત નથી. જેથી સૌ પ્રથમ તો સંસ્થાના માનવબળથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવવા જોઈએ. આ માટે માત્ર નામ જ નહીં, પણ વિશિષ્ટ સિદ્ધિઓ પણ જણાવવી જોઈએ. તેવી જ રીતે વિદ્યાર્થીઓનો પરિચય પણ માત્ર નામ પૂરતો મર્યાદિત ન રાખતાં તેનું કેટલુંક બેકગ્રાઉન્ડ પણ જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેને જો કોઈ સિદ્ધિ મેળવેલ હોય તો તેને તે જ સમયે બિરદાવીને પ્રોત્સાહન આપવાની તક ઝડપીને સંસ્થા પ્રત્યે તેના મનમાં હકારાત્મક વિચારોનું સિંચન કરવાની શરૂઆત કરી દેવી જોઈએ.

માનવ સંશાધનના પરિચય બાદ સંસ્થાના ભૌતિક સંશાધનથી પરચિત કરાવવા જોઇએ. આ માટે શાળાના દરેક ખૂને ખૂણે ફેરવવા જોઇએ. શાળામાં રહેલ વિવિધ ાેરડાઓ બતાવવા જોઇએ. જે તે ઓરડાનો ઉપયોગ કયારે અને શા માટે કરવામાં આવે છે? શાળા-કોલેજમાં આવેલ દરેક જગ્યાથી નવા તમામ વિદ્યાર્થીઓને પરિચિત કરો કે જેથી તેમને સંસ્થાની ભૌતિક બાબતોની જાણકારી મળે એટલું જ નહીં તેઓ જે તે જગ્યાએ સરળતાથી જઇ શકે તેમજ તેનો ઉપયોગ પણ કરી શકે. તેઓ અજાણી દુનિયામાં આવ્યાં હોવા છતાં તેમને પોતાની દુનિયા લાગવી જોઇએ. આ માટે શાળા-કોલેજમાં આવેલ તમામ પ્રયોગશાળા, પુસ્તકાલય, ચિત્રખંડ, સ્ટાફરૂમ, આચાર્યની ઓફીસ વગેરે જગ્યાએ રૂબરૂ લઇ જાઓ. કેટલીક સંસ્થામાં તો વિદ્યાર્થીઓ આચાર્યની ઓફીસથી ડરતા હોય છે. આવો ડર પ્રથમ દિવસે જ દૂર કરો. આ ઉપરાંત અન્ય વિશિષ્ટ વર્ગો તેમજ નિયમિત પણે કયા ધોરણના વર્ગો ક્યાં લેવાય છે તેનો પરિચય આપો. શાળાના મેદાનથી ખાસ પરિચિત કરો. તમને રીસેસમાં કે અન્ય સમયે બેસવા કે ચર્ચા કરવા માટેના સ્થળની પણ માહિતી આપો.

આ ઉપરાંત સંસ્થાના આગવા ઇતિહાસથી તેમને પરિચિત કરો. આ માટે શાળા-કોલેજે છેલ્લા વર્ષમાં મેળવેલ સિદ્ધિ જણાવો. આ ઉપરાંત શંસ્થાના ભૂતકાળને યાદ કરો. કે જે માટે સંસ્થા ગૌરવ લે છે. આમ કરતાં વિદ્યાર્થીઓને પોતાની સંસ્થા માટે ગૌરવપેદા થશે. તેઓ પણ સંસ્થાની પ્રવૃત્તિમાં પ્રથમ દિવસથી જ સહભાગી બનશે.આ સમયે જ સંસ્થાના ઉદ્દેશો તેમજ લક્ષ્યની જાણ કરો. સંસ્થા વિદ્યાર્થીઓમાં શું પરિવર્તન લાવવા માટગે છે તે જણાવો. આ માટે તેમના સહયોગની અપીલ પણ કરી શકાય.સંસ્થા દ્વારા જો કોઇ વિશિષ્ટ સહાય કે સગવડ પૂરી પાડવામાં આવતી હોય તો તેની પણ જાહેરાત કરવી જોઇએ. ટૂંકમાં સંસ્થા પોતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સું અને ક્યાં, કેવી રીતે ફાળો ાાપવા માગે છે તેની જાણ તમામ વિદ્યાર્તીઓને થઙ્ઘી જોઇએ. સાથે એ પણ જણાવો કે તેઓ આ બાબતથી તેમના વાલીને પણ માહિતગાર કરે.

સંસ્થાના પોતાના આગવા નીતિ નિયમોની પણ જાણ કરવી જોઇએ. પણ આ માટે પ્રથમ દિવસ કરતાં બીજો દિવસ પસંદ કરવો જોઇએ. વિદ્યાર્થીઓને એવું ન લાગવું જોઇએ કે તેમની પર કોઇ જાતનું દબાણ કરવામાં આવે છે. તેઓ અહીં ક્યાં ભરાઇ ગયા તેવો અહેસાસ ન થવો જોઇએ. ત્યારબાદ પ્રથમ દિવસે તો નહીં જ બીજા દિવસે વિદ્યાર્થીઓને શાળાનું સમયપત્રક આપવું જોઇએ. જેમાં શાળામાં કેવી રીતે તાસ લેવાશે તે ઉપરાંત શાળામાં કેવા પ્રકારની પ્રવૃત્ત્િઓનું કયારે આયોજન કરવામાં આવશે. આ માતે શાળા કક્ષાએ આપવામાં આવતું શાળાકેલેન્ડર શાળાની દીવાલ પર પ્રથમ દિવસથી વર્ષના અંત સુધી ભરાયેલ રાખવું જ જોઇએ.સમયપત્રક આપ્યા પછી સીધું જ ભણાવવાનું શરૂ ન કરતાં તેમને વર્ષભર કયા વિષયો ભણવાના છે. તેમાં કેવા પ્રકારની માહિતી આવે છે તે જણાવવું જોઇએ. આમ વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો અને વિષયોથી પરિચિત કરવા જોઇએ. આ સમયે તેમના મનમાં કોઇ જાતબો હાઉ ઊભો ન થાય તેની ખાસ કાળજી રાખવી જોઇએ.

પ્રથમ બે દિવસમાં કરવાની પ્રવૃત્તિઓમાં ખાસ કરીને તેમના સિનિયર વિદ્યાર્થીઓને સાથે રાખવામાં આવે, તેમની સાથે જૂતમાં ચર્ચા થાય તેવું આયોજન કરવું જોઇએ. જે સંસ્થા આ વું કંઇક કરશે તે પ્રંથમ દિવસથી જ પોતાના વિદ્યાર્થીઓને ખરા અર્થમાં પોતાના બનાવી શકશે.